For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# 24 કલાકમાં શહેરમાં 2 ઈંચ વરસાદ

**મહત્તમ** તાપમાન 32.0 ડિગ્રી સેલ્સિયસ, લઘુત્તમ તાપમાન 26.8ડિગ્રી સેલ્સિયસ નોંધાયું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ 84%રહેવા પામ્યું હતું

(પ્રતિનિધિ) વડોદરા તા. 22

રાજ્યમાં વરસાદી વાતાવરણ વચ્ચે શહેરમાં ગત શનિવારે મધરાતથી રવિવારે રાત્રે આઠ વાગ્યા સુધીમાં વડોદરામાં બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ દ્વારા આગામી તા 24 જૂન સુધીમાં મધ્ય ગુજરાત સહિત રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે રવિવારે શહેરમાં મહત્તમ તાપમાન 32.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ વધતાં 84% રહેવા પામ્યું હતું.

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે ત્યારે વડોદરા શહેરમાં શનિવારે મધરાતથી રવિવારે રાત્રે આઠ વાગ્યા સુધીમાં બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો જ્યારે શહેરમાં રવિવારે વાદળછાયા વાતાવરણ વચ્ચે બપોરે ત્રણ વાગ્યાથી હળવો વરસાદ પડ્યો હતો જેના કારણે શહેરમાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે સાથે જ શહેરમાં મહત્તમ તાપમાન 32.0 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું સાથે જ લઘુત્તમ તાપમાન 26.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ વધતાં 84% જેટલું રહેવા પામ્યું છે.

## આજવા સરોવરમાં નવા નીરની આવક પીવાના પાણીના સંગ્રહમાં નોંધપાત્ર વધારો



(પ્રતિનિધિ) વડોદરા તા.22

ગુજરાતમાં થયેલા ભારે વરસાદના પગલે આજવા સરોવરમાં નવા નીરની આવક થઈ છે, જેના કારણે શહેરના પીવાના પાણીના સંગ્રહમાં નોંધપાત્ર વધારો થયો છે.

વડોદરા શહેરના ઐતિહાસિક આજવા સરોવરમાં ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી મેઘ મહેર અને ઉપરવાસમાં થયેલા વરસાદના પરિણામે નવા નીરની આવક થઈ છે. છેલ્લા બે-ત્રણ દિવસમાં આજવા અને ઉપરવાસના વિસ્તારોમાં લગભગ પોણો ફૂટ (સવા ફૂટની આસપાસ) નવું પાણી આવ્યું છે, જેના પરિણામે સરોવરના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.

વરસાદના આંકડાઓ જોતાં, આજવામાં 206.73 ફૂટ, કાલાઘોડા વિશ્વામિત્રી 7.77 ફૂટ અને માંગલપાંડે પર વિશ્વામિત્રી 7.20 ફૂટ નોંધાયો છે. આ બધા વિસ્તારોનું પાણી આજવા સરોવરમાં ઠલવાય છે, જે શહેરને પીવાનું પાણી પૂરું પાડે છે. ગઈરાતે પણ આજવા વિસ્તારમાં વરસાદ થયો છે અને આજ સવારથી ચાલુ રહેલા વરસાદને કારણે સરોવરમાં નવા નીરની આવક ચાલુ રહી છે. આજવા સરોવર શહેરના પીવાના પાણી માટે મુખ્ય સ્ત્રોત છે અને નવા નીરની આવકથી શહેરના પાણીના સંગ્રહમાં સારો વધારો થયો છે.

## 'મારી પાસે બોમ્બ છે' ની ધમકી, એર ઈન્ડિયાના મુસાફરની અટકાયત

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરાથી દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં આજે ભારે અફરાતફરી મચી ગઈ હતી,એક મુસાફરે એરપોર્ટ પર "મારી પાસે બોમ્બ છે" તેવી ધમકી આપીને મુસાફરો સહિત ક્રુ મેમ્બરોને ચોંકાવી દીધા હતા . એર ઈન્ડિયાની ફ્લાઈટ દિલ્હી જવા માટે તૈયારી ના સમયે બોમ્બ હોવાની વાત સાંભળતા જ એરપોર્ટ સત્તાધીશો અને સુરક્ષાકર્મીઓ સતર્ક થઈ ગયા હતા. વડોદરા સેન્ટ્રલ આઈબી , સ્ટેટ આઈબી વડોદરા ક્રાઈમ બ્રાન્ચ એરપોર્ટ ઓથોરિટી, ડીસીપી ઝોન ૪ સાથે PCB અને SOG પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી.

તાત્કાલિક અસરથી ફ્લાઈટનું સંપૂર્ણ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. મુસાફરોના સામાન અને વ્યક્તિગત તપાસ પણ સઘન રીતે કરવામાં આવી હતી. જો કે લાંબા ચેકિંગ બાદ ફ્લાઈટમાં કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતાં સુરક્ષાકર્મીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

### તરસાલીની ઉમા વિદ્યાલયના સંચાલકોની જવાબદારીમાંથી છટકબારી

## બે બાળકો મસ્તી કરતા સમયે છુટ્ટી પેન ફેંકતા અન્ય બાળકને આંખમાં ગંભીર ઈજા

**પગ રિક્ષા** ચલાવી ગુજરાન ચલાવતા બાળકના પિતાની ન્યાયની માંગ



(પ્રતિનિધિ) વડોદરા,તા.22

તરસાલીમાં શ્રી કેશવ ગોવર્ધન કેળવણી સંકુલમાં આવેલી ઉમા વિદ્યાલયમાં ધો.6માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાવિકને બીજા વિદ્યાર્થીઓ મસ્તી કરતા સમયે પેન છુટ્ટી ફેંકતા તેને ડાબી આંખમાં ગંભીર ઈજા પહોંચી હતી. જોકે આ ઘટનાના બે કલાક બાદ વાલીને જાણ કરવામાં આવી હતી. ગરીબ પરિવારના આ એકના એક દીકરાને આજે યોગ્ય સારવાર નહીં મળતા પગ રીક્ષા ચલાવી ગુજરાન ચલાવતા પિતા મુશ્કેલીમાં મૂકાયા છે. ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવી શકે તેવી પરિસ્થિતિ નહીં હોવાથી આજે પરિવાર પ્રશાસન પાસે ન્યાયની આશા ઝંખી રહ્યા છે.

શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ વડોદરા કારેલીબાગ સંચાલિત સ્ત્રી કેશવ ગોવર્ધન કેળવણી સંકુલમાં આવેલી ઉમા વિદ્યાલયમાં ગત તા.13 માર્ચના રોજ બપોરની પાળીમાં ગુજરાતી માધ્યમમાં ધો.6માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ભાવિક વણકર રાબેતા મુજબ સ્કૂલમાં ગયો હતો. પ્રથમ પિરિયડ પૂરો થયો હતો. આ વખતે રીતુ મેડમ હતા. બીજો પિરિયડ શરૂ થાય એ સમય દરમિયાન બીજા વિદ્યાર્થી ઈશાન અને હેત આ બે બાળકો મસ્તી કરતા હતા. જેમાં ઈશાને હેતને છૂટી પેન મારી હતી. જોકે આ પેન હેતને વાગવાને બદલે ઉડીને સીધી ભાવિકની આંખમાં વાગી ગઈ હતી. આ દરમિયાન બીજા પિરિયડના શિક્ષક ક્લાસરૂમમાં આવી ગયા હતા. એમણે ભાવિકને જણાવ્યું હતું કે, તું આંખ ધોઈ અને સુઈ જા. ત્યારબાદ હાજર મેડમે પ્રિન્સિપાલને આ બાબતની જાણ કરી હતી. એના પછી ભાવિકના વાલીને ફોન કરીને સ્કૂલ પર બોલાવ્યા હતા. જોકે આ ઘટના બાદ સ્કૂલ તરફથી બાળકને ઈજા થઈ હોવા છતાં પણ કોઈ પ્રાથમિક જવાબદારી લીધી ન હતી. એક કલાક ભાવિકને સુવડાવી રાખ્યો ઉઠાડીને તેને ચોપડી વંચાવી, જ્યારે ના વંચાયું. ત્યારે, તેના વાલીને જાણ કરવામાં આવી હતી. જોકે ગરીબ પરિવારનો આ એકનો એક દીકરો જેને આંખના ભાગે ગંભીર ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવવાની પરિસ્થિતિ નહીં હોવાથી તાત્કાલિક તેના માતા પિતા સારવાર માટે એસએસજી હોસ્પિટલ ખાતે લઈને પહોંચ્યા હતા. જોકે આ વિદ્યાર્થી ભાવિકને ડાબી આંખમાં કીકીના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાનું જણાઈ આવ્યું હતું. એસએસજી હોસ્પિટલમાં અત્યાર સુધીમાં તેના બે જેટલા ઓપરેશન થઈ ગયા છે. હવે વધુ સારવાર સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે કરવામાં આવી રહી છે. દર બુધવારે પરિવાર અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બાળકની સારવાર કરાવવા માટે ધક્કા ખાઈ રહ્યો છે. આ સમગ્ર ઘટનાની જાણ થતા એક ધારાશાસ્ત્રી તેમની વ્હારે આવ્યા છે. તેમની આગેવાનીમાં ભાવિક તેના માતા પિતા તમામે સ્કૂલ પર પહોંચી સ્કૂલમાં ગીતા મેડમની મુલાકાત લીધી હતી. જ્યાં રજૂઆત કરતા તેઓએ મારાથી કશું કહી શકાય તેમ નથી. ઉપલા અધિકારીને, ટ્રસ્ટીને પૂછવું પડશે. હું કોઈ જવાબ આપી શકું નહીં ઈન્સ્યોરન્સ કઢાવ્યો છે.

### મને એક કલાક સુધી સુવડાવી રાખ્યો

સ્કૂલમાં મને આંખમાં પેન વાગી હતી. જેના પછી મને મોઢું ધોવડાવીને એક કલાક સુવડાવી રાખ્યો,પછી મને વંચાવડાવ્યું મારાથી ના વંચાયું તો પછી મારા પેરેન્ટ્સને બોલાવ્યા. ત્રણ વાગ્યે મને હોસ્પિટલ લઈ ગયા, ત્યાં સ્કૂલમાંથી પણ કોઈ આવ્યું ન હતું. પહેલું ઓપરેશન એસએસજીમાં થયું હતું. - **ભાવિક,** વિદ્યાર્થી

### સ્કૂલ તરફથી માત્ર આશ્વાસન જ અપાયું

અમારો આ એકનો એક 12 વર્ષનો દીકરો છે. આ ઘટનાથી અમે ખુબજ તકલીફમાં આવી ગયા છે. સ્કૂલ તરફથી માત્ર આશ્વાસન જ આપવામાં આવ્યું છે. કોઈ જવાબદારી લેતા નથી. મારા દીકરાને જલ્દી સારું થઈ જાય તેવી અમારી માંગ છે. - **રમીલાબેન,** માતા

### સ્કૂલ પ્રશાસને કોઈ મદદ કરી નથી

સ્કૂલ વાળા તો અત્યારે પણ એવું જ કહે છે કે અમારી કોઈ જવાબદારી છે નહીં. સ્કૂલ પ્રશાસને કોઈ મદદ કરી નથી. ત્રણ મહિના ઉપરાંતનો સમય થઈ ગયો છે. હોળીના દિવસે જ આ ઘટના બની હતી. મારો એકનો એક આ દીકરો છે. થ્રી વ્હીલ રીક્ષા ચલાવીને મારા ઘરનું ગુજરાન ચલાવું છું. - **ડાહ્યાભાઈ વણકર,** પિતા

### ફરિયાદ બાદ પોલીસે કોઈ કાર્યવાહી ન કરતા પરિવાર દ્વારા પો.કમિશનરને રજૂઆત

મકરપુરા પોલીસ સ્ટેશનમાં ગત તા.13-05-2025 ના રોજ ફરિયાદ કરી હોવા છતાં કોઇ પગલાં પોલીસ દ્વારા ન લેવાતાં ભોગ બનનાર ભાવિકના માતા-પિતા તરફથી તા.20-06-2025 ના રોજ મકરપુરા પોલીસ સ્ટેશનમાં તથા પોલીસ કમિશનર ને રજૂઆત કરી છે. - **રસીક બી.ભીમડા,** એડવોકેટ

### ચોરી કરવા મકાનમાં ઘુસેલા ચોરોને પકડવા પોલીસ વાન આડી મુકી કોર્ડન કર્યાં હતા

## સમામાં પોલીસ પર તસ્કરોનો તલવારથી હુમલાનો પ્રયાસ

**સિકલીગરોએ** પૂરઝડપે ઇકો દોડાવીને વાન તથા વીજ થાંભલા સાથે અકસ્માત કર્યો, એક ઝડપાયો, બે ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.22

સમા વિસ્તારમાં બંધ મકાનમાં ચોરી કરવા માટે આવેલા સિકલગીર તસ્કરોને પકડવા માટે પોલીસે ગાડી કોર્ડન કરી રાખી હતી ત્યારે તસ્કરો મકાનમાંથી બહાર નીકળી ગાડીમાં બેસ્યાં ફિલ્મી રીતે ગાડી દોડાવી ભગવાનો પ્રયાસ કરી પોલીસ વાન તથા બે વીજ થાંભલા સાથે અકસ્માત કર્યો હતો. ગાડી ઉભી રહી જતા પોલીસે ગાડી પાસે જઈને તેમને પકડવાનો પ્રયાસ કરતા તલવારથી પોલીસ પર જીવલેણ હુમલાનો પ્રયાસ કરી બે તસ્કરો ભાગી ગયા હતા. જ્યારે એકને પોલીસે ઝડપી પાડ્યો હતો.

વડોદરા શહેરના સમા વિસ્તારમાં પોલીસ કર્મચારી 21 જૂનના રોજ રાત્રીના સમયે પેટ્રોલિંગમાં ફરી રહ્યા હતા. તે દરમિયાન તે દરમિયાન પોલીસ કંટ્રોલ પરથી વરધી મળી હતી કે સમા સંજયનગરની બાજુમાં શક્તિપાર્ક સોસાયટીનું મકાન બંધ છે અને ત્યાં ચોર આવ્યાં છે. જેથી સમા પોલીસની ટીમ બાતમી મુજબના સ્થળ પર પહોંચી હતી. ત્યારે ત્યાં ક્રાઈમ બ્રાન્ચની બોલેરો ગાડી પણ આવી પહોંચી હતી. જેમાં ત્રણ જેટલા કર્મચારીઓ હતા જેથી સમા તથા ક્રાઈમ બ્રાન્ચના કર્મચારીઓએ ચોરને ઝડપી પાડવા માટે કોર્ડન કરી ઉભા હતા. તે દરમિયાન બંધ મકાનમાંથી ત્રણ શખ્સો બહાર આવ્યાં હતા પરંતુ પોલીસને જોઈને ત્રણ શખ્સો તેમની ઈકો તરફ ભાગ્યાં હતા. ત્યારબાદ તેમની ગાડીમાંથી તલવાર, ટોમી તથા પાના પક્કડ વાંદરી પાના પોલીસ કર્મી પર ફેક્યા હતા. જેથી પોલીસ સાઈડમાં હટી જતા ચોરો ગાડીમાં બેસીના પૂરઝડપે દોડાવી ભાગવાનો પ્રયાસ કર્યો હતો.

જોકે સમા તથા ક્રાઈમ બ્રાન્ચની બંને ગાડી રોડ પર વચ્ચે આડી ઉભી રાખી તસ્કરોને ઉભા રહેવા માટે ઈસારો કર્યો હતો તેમ છતાં ચોરોએ તેમની ગાડી પૂરઝડપે દોડાવી પોલીસ વાનને અથાડ્યા અને બે વીજ થાંભલા સાથે પણ અકસ્માત કર્યો હતો. ગાડી ઉભી રહી જતાં પોલીસ કર્મચારીઓ પકડવા દોડ્યા હતા ત્યારે બે સિકલીગર તલવાર જેવા હથિયાર વડે જીવલેણ હુમલાની કોશિશ કરી બે ભાગી ગયા હતા. જ્યારે પોલીસે એક શખ્સ રણજીતસિંગ જીતસિંગ સિકલીગર (રહે. રામનગર આજવા રોડ )ને ઝડપી પાડ્યો હતો. જ્યારે અન્ય બે ફરાર સુનિલસિંગ પાનસિંગ સિકલીગરી (રહે. સયાજીપુરા, આજવા રોડ ) તથા ગુરમુખસિંગ કલ્લુસિંગ બાવરી (રહે. ખોડિયારનગર મૂળ દુમાડ)ને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### મકાનની થોડા દિવસ પહેલા રેકી કરી હતી

આજવા રોડ પર રહેતા સિકલીગરોએ થોડા દિવસો પહેલાં સમા વિસ્તારમાં આવેલી શક્તિ પાર્ક સોસાયટીમાં રેકી કરી ગયા હતા. ત્યારે બી 46 નંબરનું મકાન કાયમ બંધ રહે છે. જેથી ત્રિપુટીએ ચોરી કરવાના હથિયારો સાથે રણજીતસિંગ સિકલીગર, ગુરમુખસિંગ સિકલીગર તથા સુનિલ સિકલીગર રાત્રીના સમયે લઇને ઇકો ગાડીમાં ચોરી કરવા માટે આવ્યાં હતા પરંતુ પાડોશીની જાગૃતના કારણે ચોરો ભાગ્યાં હતા.

### સિકલીગર ટોળકીએ વારસીયમાં ઇકો ચોરી કરી હતી

સિકલગીર ટોળકીએ વારસીયા વિસ્તારમાંથી ઇકો ગાડી ચોરી કરેલી હતી. ત્યારબાદ તેઓએ સમા વિસ્તારમાં ચોરી કરવા ગયા હતા. ત્યારે તસ્કરોએ ઇકો ગાડી ભગાડી પહેલા સમા પોલીસની વાન, ત્યારબાદ ક્રાઇમ બ્રાન્ચની બોલેરો અને બ્રેઝા કાર સાથે અકસ્માત કર્યો હતો અને આખરે બે વીજ થાંભલા સાથે અથાડી દીધી હતી. જેમાં ચોરી કરેલી ઇકોના ચારેચાર દરવાજા પણ તુટી ગયા હતા.વારસીયા પોલીસ સ્ટેશનમાં ઇકો ચોરીનો ગુનો પણ દાખલ કરાવાયો છે.

### 13 જૂને મળેલી લાશની ઓળખ થતાં 8 દિવસ બાદ હત્યાનો ગુનો દાખલ

## લીમખેડાના યુવકની હત્યા કરી લાશ તરસાલી બાયપાસ રોડ પરના ખેતરમાં ફેંકી દેવાઈ

**યુવકને** માથામાં હિંસક હુમલો કર્યા બાદ ગળું દબાવી પતાવી દીધો હોવાનો પીએમ રિપોર્ટમાં સ્ફોટક ખુલાસો

(પ્રતિનિધિ) વડોદરા તા.22

મૂળ લીમખેડાના અને હાલમાં વડોદરા શહેરના સોમા તળાવ વિસ્તારમાં રહેતા મહિલાના પતિની કોઈ શખ્સ દ્વારા કોઈ અગમ્ય કારણોસર બોથડ પદાર્થ વડે માથામાં હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેઓ નીચે ફસડાઈ પડતા ગળું દબાવીને તેમને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા અને લાશ તરસાલી બાયપાસ રોડ ઉપર આવેલા ખેતરમાં ફેંકી દીધી હતી. 13 જુન ના રોજ મળેલી લાશના પરિવારના સભ્યો મળતા 8 દિવસ બાદ હત્યાનો ગુનો દાખલ કર્યો છે. હત્યારા હાથવેતમાં હોવાનું જાણવા મળ્યું છે.

મૂળ દાહોદ જિલ્લાના લીમખેડાના અને હાલમાં વડોદરા શહેરના સોમા તળાવ વિસ્તારમાં એમ એમ વોરા શોરૂમની પાછળ માધવ ફ્લેટની નવી બંધાતી સાઈટ ખાતે રહેતા મંજુલાબેન તડવીના પતિ ગોરસિંગભાઈ જોખનાભાઈ તડવી છે ઘણા વર્ષોથી તેમનાથી અલગ વડોદરા ખાતે તરસાલી બ્રીજ નીચે રહેતા અને મજુરીકામ કરતા હતા. 20 જૂનના રોજ મહિલા ના પુત્ર રાહુલ તડવીના મોબાઈલ પર તેના કાકા મનુભાઈ તડવીએ એક લાશના તથા પતિ ગૌરસિંગભાઈ તડવીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો મોકલ્યો હતો અને મનુભાઈ તડવીએ આ ફોટા તારા પિતાજીના છે કે કેમ ? ને ઓળખીને જણાવ. જેથી પુત્ર એ લાશ નો ફોટો માતાને બતાવતા તેમના પતિ ગોરસિંગભાઈ જોખનાભાઈ તડવીની લાશના હોવાનુ જણાવ્યું હતું હતું. ત્યારબાદ માતા અને પુત્ર એ કપૂરાઈ પોલીસ સ્ટેશન ખાતે જઈને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે 13 જૂનના રોજ સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં તરસાલી બાયપાસ સર્વિસ રોડથી ભાલીયા પુરા ગામ જતા ભેસાસુર મંદિર પ્રીત ટેનામેન્ટની બાજુમાં જનકબેન રાજુભાઈ ભરવાડના ખેતરમાં આ લાશ મળી હતી. પરંતુ તેના કોઈ વાલી વારસ મળ્યા ન હોય 14 જૂનના રોજ પીએમ કરાવી લાશને એસએસજી હોસ્પિટલ કોલ્ડ રૂમ ખાતે મુકી હતી. મહિલા એસએસજી હોસ્પિટલમાં જતા પીએમ કરનાર ડોક્ટરે જણાવ્યુ હતું કે, તમારા પતિનુ પહેલા ગળું દબાવીને હત્યા કરાઈ છે અને માથાના પાછળના ભાગે ઈજા પણ મળી આવી છે. આમ મહિલાના પતિની કોઈ શખ્સ દ્વારા માથાના ભાગે હુમલો કર્યા બાદ ઘણું દબાવીને તેમને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા અને લાશ તરસાલી બાયપાસ રોડથી ભાલીયાપુરા ગામ જતા ભેસાસુર મંદિર પાસે ખેતરમાં ફેંકી દીધી હતી.

## ગુજસીટોકમાં 9 વિરુદ્ધ ચાર્જશીટ કરવા રાજ્ય ગૃહ વિભાગની મંજુરી

**ક્રાઇમ** બ્રાન્ચે અત્યાર સુધીમાં કાસમઆલા ગેંગના ગુનામાં 256 લોકોના નિવેદન લેવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરમાં ગુના ઓર્ગેનાઇઝડ ક્રાઈમ કરતી કાસમઆલા ગેંગ સામે દાખલ કરાયેલા ગુજસીટોકના ગુનાના 9 આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવા વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રાજ્ય સરકારના ગૃહ વિભાગ તરફથી મંજુરી મેળવી લેવામાં આવી છે. જેથી હવે આગામી દિવસોમાં આ ગુજસીટોકના ગુનામાં પોલીસ દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવશે.

ગુજસીટોક હેઠળના નોંધાયેલા ગુનાની તપાસ કરનાર ડીસીપી ક્રાઈમ એચ.એ. રાઠોડ દ્વારા 256 લોકોના નિવેદનો લેવામાં આવ્યાં છે જ્યારે અન્ય પુરાવાઓ એકત્રીત કરાયા છે. ઉપરાંત આ ગુનામાં પકડાયેલા 9 આરોપીઓ વિરૂધ્ધમા વધુ 90 દિવસ તપાસ કરવા સ્પેશિયલ ગુજસીટોક કોર્ટ વડોદરા પાસેથી મંજુરી મેળવવામાં આવી હતી. ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ તરફથી 9 આરોપીઓ વિરૂધ્ધના નોંધાયેલા 165 ગુનાઓ તથા કાસમઆલા ગેંગના 2 આરોપીઓએ સમક્ષ આપેલી કબુલાત નિવેદનો તથા 256 લોકોના નિવેદનો તેમજ આરોપીઓ સામે 3 વર્ષથી ઉપરની સજાની જોગવાઈવાળા ગુના સહિતના અન્ય પુરાવાઓ ધ્યાને લેવાયા હતા. ગુજસીટોક ગુનાના કાસમઆલા ગેંગના 9 આરોપીઓ હુશેન કાદરમીયા સુન્ની, અકબર કાદરમીયા સુન્ની, સાહિદ ઉર્ફે ભુરિયો જાકીરભાઇ શેખ, વસીમખાન ઉર્ફે બબલુ ઉર્ફે માજા યુસુફખાન પઠાણ, સિકન્દર કાદરમીયા સુન્ની, હસન ઉર્ફે ઝાંઝર કાદરમીયા સુન્ની, મોહમદઅલી ઉર્ફે હલીમાં સલીમખાન પઠાણ, સુફીયાન સિકન્દર પઠાણ અને ગની ઉર્ફે એરટેલ ઉસ્માનમીયા શેખ વિરૂધ્ધ નામદાર કોર્ટમા ચાર્જશીટ કરવા મંજૂરી મેળવાઈ હતી.

## વૃદ્ધા પાસેથી રૂ.5.19 લાખના દાગીના પડાવી ભાગી જનાર મહિલા સહિતની ત્રિપુટી ઝડપાઈ

**ત્રિપુટી** પાસેથી સોનાના દાગીના ત્રણ મોબાઇલ, રીક્ષા તેમજ રોકડ મળી રૂ.6.68 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.22

હરણી વિસ્તારમાં રહેતા વૃદ્ધ મહિલા ગત 11 જૂનના રોજ ઘરેથી રાત્રીના પોણા નવેક વાગે જમીને ચાલવા માટે નીકળ્યા હતા અને ચાલતા થાકી જવાથી બ્રાઈટ સ્કુલની પાસે પીક અપ સ્ટેડ આવીને ઉભી રહયા હતા. દરમિયાન એક અજાણ્યો શખ્સ તેમની પાસે આવ્યો હતો અને વૃધ્ધ મહીલાને દયારામ ડેન્ટીસ્ટનું દવાખાનુ કંઈ બાજુ છે તેમ પુછતા ત્યારે વૃધ્ધ મહીલાએ આ દવાખાનુ આબાજુ દવાખાનુ નથી તેમ જણાવ્યુ હતું. તેમ છતાં મહિલા અને પુરુષ વૃદ્ધા પાસે આવી તમારે તમારા ઘરમાં સુખ શાંતી જોઈતી હોય તો તમે પહેરેલા દાગીના કાઢી એક થેલીમા મુકીને નીચે જોઈને મોતીભાઈ સર્કલ તરફ સ્ટ્રીટ લાઈટના થાંભલા પાસે જઈને આવો આવુ કરવાથી તમારા પરીવારમા સુખ શાંતી વધશે. પહેલા અજાણી મહીલાએ મેટલના દાગીના કાઢી થેલીમા મુકી આ થેલી વૃધ્ધ મહીલાને પકડાવી સ્ટ્રીટ લાઈટના થાંભલા પાસે જઈને પરત આવી હતી. ત્યારબાદ વૃધ્ધ મહીલાને ઘરમાં સુખ શાંતી માટે હવે તમે તમારા દાગીના કાઢીને થેલીમા મુકો અને નીચુ જોઈને મોતીભાઈ સર્કલ તરફ સ્ટ્રીટ લાઈટના થાંભલા પાસે જઈને પરત આવો તેમ જણાવતા વૃધ્ધ મહીલાએ સોનાના બંગડી-2, સોનાની ચેન-1, વીંટી-1 મળી રૂ.5.19 લાખના દાગીના થેલીમા મુકી અજાણી મહીલાને પકડાવી હતી. ત્યારબાદ વૃધ્ધ મહીલા થાંભલા પાસે ચાલતા ગયા હતા અને પછી પાછળ જોયુ ત્યારે અજાણી મહીલા અને પુરુષ ભાગી ગયા હતા. વૃદ્ધાએ હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ આ ઠગાઈના ગુનામાં સીસીટીવી, હ્યુમન સોર્સના આધારે તપાસ કરી રહ્યા હતા. દરમિયાન પાણીગેટ ગૌરવ સોસાયટી રોડ પાસેથી રીક્ષામાં ચાલક અને પેસેંજર સીટ પર એક મહીલા તેમજ પુરુષ બેઠેલા હોય શંકાસ્પદ જણાતા રીક્ષા ઉભી રખાવી ઝડપી પાડ્યા હતા. ત્યારે ચાલક શાહનવાઝ ફીરોજભાઈ શેખ (રહે. સંજયનગર ઝુપડપટ્ટી દિનેશ મીલ સામે વડોદરા મુળ મહેમદાવાદ જી.ખેડા) તથા પેસેંજર સીટ પર બેસેલા ઈકબાલ કમરુદ્દીન શેખ તથા સલમા ઈકબાલ કમરુદ્દીન શેખ (બન્ને રહે.સેવાલીયા, બસ ડેપો પાસે તા.ઠાસરા જી.ખેડા મુળ. કોસંબા જી.સુરત)ની ઝડતી કરતા તેઓ પાસેથી સોનાની વિંટી-1 મોબાઈલ 3 , રોકડા રૂ.39 હજાર અને રીક્ષા મળી આવ્યા હતા. ત્યારે તેમની પાસે મોબાઈલ, રીક્ષા, સોનાની વિંટી તથા રોકડ રૂપીયા બાબતે પુરાવા માંગતા રજૂ કરી શક્યા ન હતા. તેમની કડકાઈથી પૂછપરછ કરતા તેઓએ હરણી વિસ્તારમાંથી વૃદ્ધ મહિલા પાસેથી ઠગાઈ કરીને દાગીના મેળવ્યા હોવાની કબુલાત કરી હતી. તેમની પાસેથી સોનાના બંગડી, ચેન, વીંટી મળી રૂ.5.19 લાખ, રોકડા રૂપીયા 39 હજાર, મોબાઈલ 3 રૂ. 25 હજાર, રીક્ષા રૂ.85 હજાર મળી કુલ રૂપિયા 6.68 લાખનો મુદ્દા માલ કબજે કરીને આગળની કાર્યવાહી માટે હરણી પોલીસને કરાયો છે.



### સમગ્ર દુનિયાને હચમચાવી મુકનાર દુર્ઘટનામાં વડોદરાના 27 મુસાફરો હતા

## પ્લેન દુર્ઘટનાના હતભાગી ઉષાબેન પટેલનો પાર્થિવ દેહ નિઝામપુરા નિવાસ્થાને લવાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં વડોદરાના પણ 27 હતભાગીઓના મોત થયા હતા.જેમાં નિઝામપુરા ડીલક્ષ સોસાયટીમાં રહેતા દંપતિ પોતાના પુત્રને મળવા માટે લંડન જય રહ્યું હતું.ત્યારે આ અકસ્માત નડ્યો હતો. તેમાં ઉષાબેન વિનોદ ચંદ્ર પટેલ જેમના ડીએનએ મેચ થતા આજે તેમના પાર્થિવ દેહને નિવાસ્થાને લાવવામાં આવ્યો હતો.ગત 20 મી તારીખે તેમના પતિ વિનોદ ચંદ્ર પટેલનું મૃત્ય પણ વડોદરા લાવવામાં આવ્યો હતો આજે ઉષાબેનના પાર્થિવ દેહને તેમના નિવાસ્થાને લવાતા પરિવારજનો અને સોસાયટીના લોકો ઘેરા શોકમાં ગરકાવ થયા હતા, તેમના પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરી અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.



નોંધનીય છે કે, શહેરના મોગલવાડા ખત્રીપોળના રહેવાસી સાદિકા બેન અને તેમની અઢી વર્ષની માસુમ દીકરીનું પણ મૃત્યુ થયું હતું. જેમાં સત્તાધીશો તરફથી અઢી વર્ષની માસુમ દિકરી ફાતેમાનો મૃતદેહ ગત બુધવારના રોજ રાત્રે તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યો અને તેમની અંતિમક્રિયા દફનવિધિ ભારે હૈયે તેમના પરિવારજનો અને તેમના સગા સંબંધીઓ દ્વારા વાડી કબ્રસ્તાન ખાતે પૂર્ણ કરાઈ હતી. જયારે ત્રણ દિવસ બાદ શનિવારે માસુમ દિકરીની માતા સાદીકાબેન તપેલીવાળાનો ડીએનએ રિપોર્ટ મેચ થતા તેમના મૃતદેહને તેમના પરિવારજનોને સોપવામાં આવ્યો હતો. મોડીરાત્રે અમદાવાદથી તેમના મૃતદેહને તેમના નિવાસ્થાને લાવવામાં આવ્યો હતો. ત્યારે આ વિસ્તારમાં ભારે ગમગીનીનો માહોલ સર્જાયો હતો અને તેમની દફનવિધિ વાડી મિસરી કુઈ કબ્રસ્તાન ખાતે રાત્રે પૂર્ણ કરવામાં આવી હતી.

### BCAના માલેતુજાર વહીવટદારોનો અણઘડ વહીવટ

## કોટંબી સ્ટેડિયમમાં ફરી પાણી ભરાતા મેચ રદ કરવી પડી

**બરોડા** પ્રીમિયર લીગના નામે જલસો કરનાર બીસીએના કસૂરદારો કુદરત સામે લાચાર થયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

બરોડા પ્રિમીયર લિગના નામે લીલા લહેર કરતા બીસીએ બરોડા ક્રિકેટ એસોસિએશનના વહીવટદારોનો વહીવટ કેટલો યોગ્ય છે, તે ક્રિકેટ પ્રેમીઓ નિહાળી રહ્યા છે જામી ગયેલા ભરપૂર ચોમાસાંના કારણે વરસી રહેલા વરસાદે કોટંબી મેદાન પાણી પાણી કરી નાખ્યું. મેદાનને કોરું રાખવાના એક પણ સાધન સગવડ ન હોવાથી આખી મેચ રદ કરવી પડી હતી. અગાઉ પણ મેચમા વરસાદી વિઘ્ન આવતા મુલતવી રાખવી પડી હતી. તે બાબત પર આખ આડા કાન કરતા વહીવટદારોએ તો ઊલટા એવા બણગા ફૂંક્યા હતા કે મેદાન ગણતરીના કલાકોમાં સુકાઈ જાય છે.

ડાયમંડ ડેઝલર્સ અને અવિ સુપર એવેન્જર્સની મેચ રદ કરાતા ક્રિકેટ પ્રેમીઓમાં નિરાશા વ્યાપી ગઈ હતી. બરોડા ક્રિકેટ એસોસિએશનનું નામ ક્રિકેટ પ્રેમીઓમાં પ્રથમ ક્રમે હતું પરંતુ માત્ર ને માત્ર રૂપિયા કમાવામાં જ રસ ધરાવતા બીસીએના માલેતુજારો વૈભવી હોટેલમાં ટ્રોફીનું અનાવરણ અને જલસા કરવા મા પણ રસ ધરાવે છે. સ્ટેડિયમમા ક્રિકેટનું આયોજન કરનારા સત્તાવાળાઓ આખી જિંદગીમાં ક્રિકેટ નથી રમ્યા તેથી જ પાણી કેવી રીતે બહાર કાઢવું એ સમસ્યા સર્જાય તો ખરી. કરોડો રૂપિયા ઉલેચતા બીસીએ પાસે પાણી ઉલેચવા ઉપયોગમાં લેવાતી આધુનિક મશીનરી જ વસાવી નથી. મહત્વની બાબત છે કે, કરોડોના ખર્ચે જે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ કોટંબીમાં બનાવી નાખ્યું પરંતુ તેની સાર સંભાળ અને જાળવણી કરાતી નથી.

### કાસમઆલા ગેંગના કુલ 9આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો

## ગુજસીટોક હેઠળ કાસમઆલા ગેંગના સાગરીત અકબર સુન્નીના જામીન નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.22

શહેરમાં અવારનવાર ગંભીર ગુનાઓ સહિતના ગુનાઓમાં સંડોવાયેલા કાસમ આલા ગેંગના કુલ 9 આરોપીઓ વિરુદ્ધ ગત તા. 01-01-2025 ના રોજ ગુજસીટોક એક્ટ મુજબનો ગુનો ક્રાઈમબ્રાન્ચે રજીસ્ટર કર્યો હતો જેઓની અટકાયત કરી પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા ત્યારબાદ તેઓને કોર્ટમાં રજૂ કરતાં તમામને રાજ્યની અલગ અલગ જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલી અપાયા હતા જેમાં અકબર કાદરમીયા સુન્ની દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી રજૂ કરવામાં આવી હતી જેમાં સેશન્સ કોર્ટે અરજદાર આરોપીના જામીન નામંજૂર કર્યા છે.

શહેરના કારેલીબાગ વિસ્તારના નામચીન અકબર કાદરમીયા સુન્ની તથા કાસમઆલા ગેંગ દ્વારા અવારનવાર ખંડણી, મારામારી,હત્યાની કોશિશ, સરકારી કર્મી પર હૂમલાનો પ્રયાસ જેવા કેટલાક ગંભીર અને અન્ય ગુનાઓમાં ગત તા.01-01-2025 ના રોજ વડોદરા શહેર ક્રાઈમબ્રાન્ચે કુલ 9 આરોપીઓ સામે ગુજસીટોક એક્ટ મુજબનો ગુનો દાખલ કરી ધરપકડ કરવામાં આવી હતી અને તેઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા હતા ત્યારબાદ અદાલતમાં રજૂ કરાતાં તેઓને રાજ્યની અલગ અલગ જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા આ કાસમ આલા ગેંગના નવ આરોપીઓને (1) હુશેન કાદરમીયા સુન્ની (ડીસ્ટ્રીક્ટ જેલ વલસાડ) (2) અકબર કાદરમીયા સુન્ની (સ્પેશ્યલ જેલ પાલારા ભુજ) (3) સાહિદ ઉર્ફે ભુરિયો જાકીરભાઈ શેખ (ડીસ્ટ્રીક્ટ જેલ જામનગર) (4) વસીમખાન ઉર્ફે બબલુ ઉર્ફે માજા યુસુફખાન પઠાણ (સેન્ટ્રલ જેલ રાજકોટ) (5) સિકન્દર કાદરમીયા સુન્ની (સ્પેશ્યલ જેલ પોરબંદર) (6) હસન ઉર્ફે ઝાંઝર કાદરમીયા સુન્ની (ડીસ્ટ્રીક્ટ જેલ મહેસાણા) (7) મોહમદઅલી ઉર્ફે હલીમા સલીમખાન પઠાણ (ડીસ્ટ્રીક્ટ જેલ જુનાગઢ) (8) સુફીયાન સિકન્દર પઠાણ (સેન્ટ્રલ જેલ સુરત) (9) ગની ઉર્ફે એરટેલ ઉસ્માનમીયા શેખ (ડીસ્ટ્રીક્ટ જેલ ગળપાદર ગાંધીધામ કચ્છ) અલગ અલગ જેલોમાં જ્યૂડિશિયલ કસ્ટડી હેઠળ છે જેમાં અકબર કાદરમીયા સુન્ની દ્વારા પોતાના વકીલ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમીનલ એપ્લિકેશન ફોર (ડિફોલ્ટ) જામીન અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં આરોપી પક્ષ અને સરકારી વકીલની દલીલો બાદ આરોપી અરજદાર અકબર કાદરમીયા સુન્ની ના જામીન અરજી નામંજૂર કરવામાં આવ્યા છે અને હાલમાં નવમાંથી કોઈપણ આરોપી જામીન મુક્ત થયેલ નથી.